# મેટ્રો થ્રીમાં પ્રવાસીઓને બચાવવા ફ્રન્ટ ઈવેક્યુશન સિસ્ટમ પણ હશે



દિલ્હી તથા કોલકત્તા મેટ્રોમાં આ સિસ્ટમ છે

**સંકટ સમયે આગળ-પાછળના દરવાજા ઊપર તરફ ખુલશે, પ્રવાસીઓ ટ્રેક પર કે કોચની વચ્ચે ચાલી શકશે**

મુંબઈની અન્ડરગ્રાઉન્ડ મેટ્રોલાઇન ત્રણ જે કોલાબા-બાંદરા-સીપ્ઝ વચ્ચે બની રહી છે. તેમાં ફ્રન્ટ ઈવેક્યુએશન સિસ્ટમ હશે જે પ્રવાસીઓને કટોકટીની પરિસ્થિતિમાં સુરક્ષિત રીતે ટ્રેનમાંથી બહાર નીકળવાની સગવડ આપશે.

મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશને સમજાવ્યું હતું કે ફ્રન્ટ ઈવેક્યુએશન સિસ્ટમ્સ અન્ડરગ્રાઉન્ડ મેટ્રો માટે વધુ યોગ્ય માનવામાં આવે છે કારણ કે પ્રવાસીઓને બહાર કાઢવા માટે વધારાના વોકવેની જરૂરિયાત ઘટાડે છે. વિશ્વભરના મહાનગરો મેટ્રોમાં બે પ્રકારની ઈવેક્યુએશન સિસ્ટમ્સને અનુસરે છે. એક સાઈડ-ઈવેક્યુએશન સિસ્ટમ છે, જેમાં કટોકટીના સમયે પ્રવાસીઓને ટ્રેકની સાથે આપવામાં આવેલા વોકવે પર ચઢી જાય છે. લોકો સામાન્ય દરવાજામાંથી બહાર નીકળે છે અને વોકવે પર ચાલે છે, જે તેમને નજીકના મેટ્રો સ્ટેશનના પ્લેટફોર્મ પર લઈ જાય છે. બીજી સિસ્ટમ ફ્રન્ટ-ઈવેક્યુએશન સિસ્ટમ છે. આમાં મેટ્રો ટ્રેનના આગળ અને પાછળના ભાગે એક્ઝિટ ડોર આવેલા છે. આ કટોકટીના દરવાજા ઉપરની તરફ ખુલે છે અને એક રેમ્પ તહેનાત કરવામાં આવે છે. વિકટ સમયે પ્રવાસીઓને નીચે ઉતરી શકે તે માટે ટ્રેનના પાટા સાથે રેમ્પ જોડાયેલ રહે છે. મેટ્રોના આગલા છેડેથી બહાર નીકળવા માટે પ્રવાસીઓ ટ્રેનની આખી લંબાઈમાં ચાલી શકે છે. આ દરવાજા મોટરમેનના નિયંત્રણમાં હોય છે. નાસભાગ જેવી સ્થિતિ અટકાવવામાં પણ મદદ કરે છે. આ સિસ્ટમમાં પ્રવાસીઓ માટે ચાલવું વધુ સરળ છે કારણ કે તેઓએ કાં તો કોચની વચ્ચે અથવા ટ્રેક પર ચાલવાનું રહે છે. આવી સિસ્ટમ લંડન, પેરિસ, બર્લિન, વોશિંગ્ટન, સિંગાપોર, દુબઈ, ચીન અને બેંગકોકના મેટ્રો તેમજ દિલ્હી મેટ્રો, કોલકાતા મેટ્રો અને હૈદરાબાદ મેટ્રોમાં પહેલાંથી જ છે.